




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-04 ■ તા. 17-01-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દેશના હેલ્થ વર્કરોને અપાયું 'કોરોના રસીનું સુરક્ષા કવચ'

**દિલ્હી એઇમ્સના હેલ્થવર્કર મનીષ કુમારને પહેલી વેક્સિન લગાવાઈ**

**એઇમ્સના ડિરેક્ટર ગુલેરિયા, સીરમના સીઇઓ અદાર પૂનાવાલા તથા મહેશ શર્માએ કોરોના વેક્સિન લગાવી**

**દેશની બંને વેકસીન તમામ કસોટીમાં પાસ છે, લોકો અફવાથી દુર રહે, વાયરસની રસીના બે ડોઝ લેવા જરૂરી છે, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો પાળવા જ પડશેઃ મોદી**

**કોરોના વોરિયર્સને યાદ કરી ભાવુક થયા વડાપ્રધાન કહ્યું હજારો સાથીદારો ઘરે પરત નથી આવ્યા, તેમને પહેલાં વેક્સીન આપીને ઋણ ઉતારવું છે, તાળી, થાળી અને દીપ પ્રગટાવીને કોરોના ભયને ભગાવ્યો**

ન્યુ દિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ૧૧.૦૫ વાગ્યે વિડિયો કોન્ફરન્સ દ્વારા કોરોના વેક્સિનેશનની શરૂઆત કરી. આ પહેલા ૩૫ મીનિટના ભાષણમાં તેમણે કહ્યું કે, વેક્સિન ઘણા ઓછા સમયમાં આવી ગઈ છે. આજના દિવસની જ રાહ જોવાઈ રહી હતી, કોરોનાની વેક્સિન આવી ગઈ છે. તો આ તરફ સીરમના CEO અદાર પૂનાવાલા, એઈમ્સના ડિરેક્ટર ડો. ગુલેરિયા અને એઈમ્સના સફાઈ કર્મી મનીષ કુમારને વેક્સિન અપાઈ છે. અદાર પૂનાવાલાએ કહ્યું કે, મારા માટે ગર્વનો વિષય છે કે કોવીશીલ્ડ આ વેક્સિનેશન અભિયાનનો ભાગ છે. મેં મારા કર્મચારીઓ સાથે પોતે પણ વેક્સિન લીધી છે.

દેશમાં કોરોનાને ટક્કર આપવા વેક્સિનેશનની શરૂઆત કરતાં વડાપ્રધાન મોદી ભાવુક થઈ ગયા હતા. કોરોના કાળમાં મુશ્કેલ સમયને યાદ કરીને તેમની આંખો ભરાઈ ગઈ હતી અને ગળે ડુમો ભરાઈ ગયો હતો. તેમણે કહ્યું કે, જે લોકો આપણને છોડીને જતા રહ્યા, તેમને એવી વિદાય ન મળી શકી જે તેમને મળવી જોઈતી હતી.

સાથીદારોએ આપણને બચાવવા માટે તેમના પ્રાણ સંકટમાં નાખ્યા છે. તેમણે કહ્યું કે, આપણાં ડોક્ટર્સ, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, આશા વર્કર્સ, સફાઈ કર્મચારીઓએ તેમની જવાબદારી નીભાવી છે. તેઓ પોતાના પરિવારથી દૂર રહ્યા. ઘણાં ઘણાં દિવસો સુધી ઘરે નથી ગયા. ઘણાં સાથીઓ એવા છે જે ઘરે પરત જ નથી ફર્યા.

વડાપ્રધાન મોદીએ કહ્યાં તેમણે એક-એક જીવ બચાવવા પોતાના જીવ જોખમમાં મૂક્યા છે. તેથી કોરોનાની પહેલી વેક્સિન સ્વાસ્થ્ય સાથે જોડાયેલા લોકોને આપીને સમાજ પોતાનું ઋણ ચુકવી રહ્યા છે. આ દેશની તેમના માટે આદરાંજલિ પણ છે.વડાપ્રધાને કહ્યું કે, સાથીઓ માનવ ઈતિહાસમાં ઘણી મુશ્કેલીઓ આવી, યુદ્ધ થયા. પરંતુ કોરોના એવી મહામારી છે જેનો અનુભવ ન સાયન્સને હતો, ન સોસાયટીને. જે ન્યૂઝ આવી રહ્યા હતા તે સમગ્ર દુનિયાની સાથે સાથે દરેક ભારતીયને પણ વિચલીત કરી રહ્યા હતા. આ સંજોગોમાં દુનિયાના મોટા-મોટા નિષ્ણાતોએ પણ ભારત વિશે ઘણાં શંકા-કુશંકાઓ કરી હતી. ભારતની મોટી વસ્તીને દરેક લોકોએ નબળાઈ ગણાવી પરંતુ આપણે તેને આપણી તાકાત બનાવી દીધી.

તેમણે કહ્યું કે, ૩૦ જાન્યુઆરીએ ભારતમાં પહેલો કોરોનાનો કેસ આવ્યો હતો. પરંતુ તેના બે સપ્તાહ પહેલાં જ ભારતે હાઈલેવલ કમિટીની બેઠક બોલાવી હતી. ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અમે પહેલી એડ્વાઈઝરી જાહેર કરી દીધી હતી. ભારત પહેલા એવા દેશોમાં સામેલ હતો જેણે એરપોર્ટ પર યાત્રીઓનું સ્ક્રીનિંગ શરૂ કરી દીધુ હતું. કોરોનાને ટક્કર આપવાની લડાઈમાં ભારતે જે સામૂહિક શક્તિનું પ્રમાણ બતાવ્યું છે તેને આવનાર પેઢી યાદ કરશે.

વડાપ્રધાને કહ્યું કે, આપણે તાળી-થાળી વગાડીને અને દિવો પ્રગટાવીને દેશનો આત્મવિશ્વાસ જાળવી રાખ્યો છે. કોરોના સમયે સૌથી પ્રભાવી રીત આ જ હતી કે જેઓ જ્યાં હતા ત્યાં જ રહે. પરંતુ દેશની આટલી મોટી વસતીને બંધ રાખવા સરળ નહતું. તેની અર્થવ્યવસ્થા પર શું અસર થશે તે અમારી સૌથી મોટી ચિંતા હતી, પરંતુ ત્યારે અમે વ્યક્તિના જીવનને પ્રથમ પ્રાથમિકતા આપી.

આટલા ઓછા દિવસોમાં એક નહીં, બે-બે મેડ ઈન ઈન્ડિયા વેક્સિન તૈયાર થઈ છે.

આવી જ ઉપલબ્ધિઓ માટે રાષ્ટ્ર કવિ રામધારી સિંહ જી દિનકરે



કહ્યું હતું કે, માનવી જ્યારે જોર લગાવે છે, તો પથ્થર પણ પાણી બની જાય છે.

પહેલો ડોઝ લીધા પછી બીજો ડોઝ ક્યારે મળશે,તેની માહિતી પણ તમારા ફોન પર આપવામાં આવશે. વેક્સિનના બે ડોઝ લગાડવા ખુબ જ જરૂરી છે. એક ડોઝ લાગી ગયો અને બીજો લેવાનું ભૂલી ગયા, એવી ભૂલ ન કરશો. પહેલા અને બીજા ડોઝ વચ્ચે એક મહિનાની ગેપ રખાશે. બીજો ડોઝ લાગ્યા પછી જ તમારા શરીરમાં કોરોના વિરુદ્ધ શક્તિ વિકસીત થઈ શકશે. વેક્સિન લાગતાની સાથે જ સાવધાની રાખજો. જે ધૈર્ય સાથે કોરોનાનો સામનો કર્યો, એ જ ધૈર્ય વેક્સિનેશન વખતે દેખાડવાનું છે.

---

**ખાલિસ્તાની સંગઠનો-એનજીઓનું ફન્ડિંગ એનઆઈએના રડાર પર**

## વિદેશથી આવતા ફંડિંગ મુદ્દે NIAએ ખેડૂત નેતાને પૂછતાછ માટે બોલાવ્યા

**ખાલિસ્તાની સંગઠનોએ એનજીઓને પૈસા આપ્યા હોવાની આશંકા, લોકભલાઇ ઇન્સાફ વેલ્ફેર સોસાયટીના અધ્યક્ષને એનઆઇએનું તેડું**

ન્યુ દિલ્હી,તા.૧૬

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીખેડૂત નેતા બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે.

આ પૂછતાછ ભારત વિરોધી સંગઠનો તરફથી અનેક એનજીઓને અપાયેલ ફંડિગના મામલામાં છે. એનઆઈએના સુત્રો મુજબ એનઆઈએએ લોકભલાઈ ઈન્સાફ વેલફેર સોસાયટીના અધ્યક્ષ બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે. આ સંગઠન સરકારની સાથે ખેડૂતો તરફથી વાર્તામાં સામેલ છે. તેમની સામે આ પૂછતાછ અલગાવવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના એક નેતા સામે નોંધાયેલ કેસના મામલામાં છે.

એનઆઈએના સુત્રો અનુસાર ૧૭ જાન્યુઆરીએ બળદેવસિંહ સિરસાની પૂછપરછ કરી શકાય છે. જણાવી દઈએ કે ખાલિસ્તાની સંગઠનો અને તેની સાથે જોડાયેલ એનજીઓની ફંડિંગ આ સમયે એનઆઈએના રડાર પર છે.

એનઆઈએએ ખાલિસ્તાની સંગઠન અને તેના દ્વારા એનજીઓને અપાતાં ફંડિંગનું લિસ્ટ તૈયાર કર્યું છે. એનજીઓ વિદેશથી મળેલાં ધનનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરે છે. જણાવી દઈએ કે હાલમાં જ બ્રિટેન, કેનાડા અને અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકોએ ભારતમાં ચાલી રહેલાં ખેડૂત આંદોલનના સમર્થનમાં ભારતના દૂતાવાસ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

માનવામાં આવી રહ્યું છે કે, આ વિરોધ પ્રદર્શનમાં શીખ ફોર જસ્ટિસ, ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ખાલિસ્તાન ટાઈગર ફોર્સ જેવા અલગાવવાદી સંગઠનના લોકો સામેલ છે. ભારતમાં ખાલિસ્તાન આંદોલનને પ્રોત્સાહન આપવા માટે આ વિદેશી સંગઠનોએ અનેક એનજીઓને પૈસા આપ્યા છે. તેની તપાસ NIA સહિત અન્ય એજન્સીઓ કરી રહી છે.સુત્રોનું કહેવું છે કે ગૃહ મંત્રાલયે ૧૨ ડિસેમ્બરે એનઆઈએ, ઈડી,આઈટી,સીબીઆઇ,એફસીઆરએ ડિવિઝનના અધિકારીઓની એક બેઠક થઈ હતી. જે બાદ એ પ્લાન તૈયાર થયો કે શીખ ફોર જસ્ટિસ, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ, ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ, ખાલિસ્તાન ટાઈગર ફોર્સ પર સકંજો કસવા અને વિદેશી ફંડિંગની તપાસ કરાશે.

---

**૮મી ફેબ્રુઆરીએ કોઈનું એકાઉન્ટ બંધ નહીં કરે**

## વોટ્સએપે પોતાની નવી પોલિસીની અમલવારી ત્રણ માસ પાછી ઠેલી

ન્યુ દિલ્હી,તા.૧૬

વ્હોટ્સ એપની નવી પ્રાઈવસી પોલિસી હાલ પૂરતી ત્રણ માસ માટે ટળી ગઇ હતી. વ્હોટ્સ એપે નવી પ્રાઈવસી પોલિસી જાહેર કરી ત્યારે દુનિયાભરના કરોડો લોકો નારાજ થયા હતા.

એક તબક્કે ખુદ વ્હોટ્સ એપને એવું લાગ્યું હતું કે એના હરીફ ટેલિગ્રામ જેવા જીતી જશે એટલે એણે પોતાની નવી પ્રાઈવસી પોલિસીનો અમલ હાલ પૂરતો ટાળ્યો હતો. એણે એક નિવેદનમાં કહ્યું હતું કે ફેબ્રુઆરીની ૮મીએ કોઈએ પોતાના વહૉટ્સ એપ એકાઉન્ટને ડિલિટ નહીં કરવો પડે. અમે કોઇ પણ એકાઉન્ટને ડિલિટ કરવાનો નિર્ણય લીધો નથી અને ભવિષ્યમાં પણ આવી કોઇ યોજના અમે હાથ ધરવાના નથી.ફેસબુકના માલિકો દ્વારા સંચાલિત આ એપના વ્યવસ્થાપકે વધુમાં કહ્યું કૈ પ્રાઇવસી અને સિક્યોરિટી કેવી રીતે કામ કરે છે એ બાબતમાં લોકોને વધુ જાણ કરવા અમે નજીકના ભવિષ્યમાં કેટલાક કાર્યો હાથ ધરવાના છીએ. ૧૫મી મેએ અમારી નવી પોલિસીના અમલ બાબત જાહેરાત કરવામાં આવશે. ત્યાં સુધી કોઇએ પોતાના વ્હૉટ્સ એપ એકાઉન્ટને ડિલિટ કરવાની જરૂર નથી.કંપનીએ એવો દાવો કર્યો હતો કે પ્રાઇવસી પોલિસી અંગે અમારા વપરાશકારોમાં કેટલીક ગેરસમજ પ્રવર્તી રહી હતી. એ ગેરસમજ અમારે દૂર કરવી છે એટલે હાલ તુરત ત્રણ મહિના માટે નવી પ્રાઇવસી પોલિસીનો અમલ અમે કરવાના નથી. ૧૫મી મેએ નવો અપડેટ ઓપ્શન ઉપલબ્ધ થાય એ પહેલાં અમે લોકોના મનમાં જે ગેરસમજ છે એ દૂર કરવાનાં પગલાં લઇશું. અગાઉ એવી જાહેરાત કરવામાં આવી હતી કે દરેક વપરાશકારે વ્હૉટ્સ એપની નવી પ્રાઇવસી પોલિસી સ્વીકારવી પડશે અથવા ફેબ્રુઆરીની આઠમીએ પોતાનો એકાઉન્ટ ડિલિટ કરવો પડશે. ઘણા વપરાશકારોએ તો ફેબ્રુઆરીની વાટ જોવાને બદલે અત્યારે જ ટેલિગ્રામ એપ અપનાવવા માંડી હતી.

એ જોયા પછી વ્હૉટ્સ એપને ખ્યાલ આવ્યો તો કે કંઇક કાચું કપાયું હતું. એટલે અત્યારે તો વ્હૉટ્સ એપે પોતાની નવી પ્રાઇવસી પોલિસીનો અમલ ત્રણ માસ માટે અટકાવી દીધો હતો.

---

**સંજીવની પર રાજકારણ શરૂઃ કોંગ્રેસ નેતા મનિષ તિવારીએ સવાલ ઉઠાવ્યા**

## કોરોના રસી સુરક્ષિત છે તો મોદી સરકારમાંથી કોઇએ રસી શા માટે ના મૂકાવી?







ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં શનિવારથી કોરોના રસીકરણના મહાયજ્ઞનો પ્રારંભ થઈ ગયો છે. આ સાથે જ રાજકારણ પણ ગરમાયું છે. ભારતમાં વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો. રસીકરણ શરૂ થયાના કલાકોમાં જ રાજકારણ પણ શરૂ થઈ ગયું હતું. કોંગ્રેસે આ મહા અભિયાન પર પ્રશ્નો ઉભો કર્યો છે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ જણાવ્યું કે કેટલાક નિષ્ણાત ડોક્ટર્સે કોવેક્સિનની અસરકારકતા સામે સાવલો ઉભા કર્યા છે. બીજીતરફ દુનિયામાં દિગ્ગજ નેતાઓએ આગળ આવીને કોરોનાની રસી લીધી છે પરંતુ ભારત સરકાર સાથે જોડાયેલા અન્ય કોઈ નેતા રસી લીધી નથી.કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનીષ તિવારીએ કોરોના રસીના ઉપયોગને મંજૂરી સામે પ્રશ્ન ઉભો કર્યો છે. તિવારીએ દાવો કર્યો હતો કે રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવા કોઈ નીતિગત માળખું નથી. તેમણે કહ્યું કે, કેટલાક નિષ્ણાત ડોક્ટર્સે સરકાર સમક્ષ કોવેક્સિનની અસરકારકતા અને સુરક્ષા મુદ્દે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે અને કહ્યું કે કે તેમને કઈ રસી મૂકાવી તેની પસંદગી તેઓ કરી શકશે નહીં. આ સહમતિના સિદ્ધાંતથઈ તદ્દન વિરુદ્ધ છે. જો વેક્સિન સંપૂર્ણ રીતે સુરક્ષિત અને વિશ્વસનીય છે તો મોદી સરકારમાંથી કોઈ રસી મૂકાવવા કેમ આગળ આવ્યું નહીં. વિશ્વના અન્ય દેશોમાં રસી આપવા ટોચના નેતાઓ આગળ આવ્યા હોવાનું જોવા મળ્યું છે.પૂર્વ કેન્દ્રીય મંત્રી મનીષ તિવારીએ કોવેક્સિન સામે આંગળી ઉઠાવતા કહ્યું કે, કોવેક્સિનને જરૂરી પ્રક્રિયા પૂર્વે જ મંજૂરી આપી દેવામાં આવી છે. તિવારીએ ટ્વીટ કરીને કહ્યું કે, રસીકરણ શરૂ થયું છે, આશ્ચર્યની વાત એ છે કે ભારત પાસે હજી સુધી દવાના ઈમર્જન્સી ઉપયોગને મંજૂરી આપવા યોગ્ય માળખું પણ નથી. તેમ છતાં ભારતમાં રસીકરણ અંતર્ગત બે ડોઝની મંજૂરી આપવામાં આવી છે.

### આ વેક્સિન કોરોના સામે સંજીવનીનું કામ કરશેઃ સ્વાસ્થ્ય મંત્રી

ન્યુ દિલ્હી,તા.૧૬ઃ દેશભરમાં કોરોના સામેની રસી મુકવાનો પ્રારંભ થયો છે ત્યારે આજે સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષ વર્ધન દિલ્હીની એમ્સ ખાતે પહોંચ્યા હતા.તેમણે કહ્યુ હતુ કે, કેટલાક અટકચાળા તત્વો કોરોના વેક્સિન પર જાત જાતની અફવા ફેલાવીને ગેરસમજ ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વેક્સિન કોરોના સામે સંજીવનીનું કામ કરશે. કોરોના વોરિયર્સે દેશના લોકોને સાચી જાણકારી આપવી પડશે.જેથી ભારત કોરોના સામેની લડાઈ જીતી શકે.તેમણે કહ્યુ હતુ કે, આ પહેલા પણ ભારત પોલિયો સામેની જંગ જીતી ચુક્યુ છે અને હવે કોરોના સામેની લડાઈ જીતવાના નિર્ણાયક તબક્કામાં ભાર પ્રવેશી ચુક્યુ છે.હું તમામ દેશવાસીઓનો, કોરોનો વોરિયર્સ અને તેના પરિવારનો આભાર માનુ છું કે , તેમણે તમામ ખતરાઓનો સામનો કરીને પણ કોરોના સામે લડાઈ લડી છે.

---

## દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસઃ સંખ્યાબંધ ટ્રેન રદ્દ કરાઈ

ન્યુ દિલ્હી,તા.૧૬

પાટનગર નવી દિલ્હીમાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદના પગલે આજે સવારે ગાઢ ધૂમ્મસ છવાઇ ગયું હતું. વિઝિબિલિટી લગભગ શૂન્ય પર પહોંચી હતી.કેટલાક વિસ્તારોમાં તો બે ત્રણ મીટરથી આગળનું કશું દેખાતું નહોતું. એની અસર ટ્રાફિકને થઇ હતી. વાહન ચાલકો ધીમે ધીમે અને સાવચેતીથી આગળ વધતા નજરે પડ્યા હતા. પગે ચાલીને જનારા લોકોની હાડમારીનો પણ પાર નહોતો. વાહનો ચલાવનારા લોકોએ વાહનની લાઇટ ચાલુ રાખી હોવા છતાં એકદમ ઓછી વિઝિબિલિટીના કારણે તકલીફો પડી રહી હતી.રેલવે તંત્રે જાહેર કર્યા મુજબ દિલ્હી તરફ આવી રહેલી ૨૪ ટ્રેન મોડી દોડતી હતી. એજ રીતે ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સને પણ પ્રતિકૂળ અસર થઇ હતી. આવા વાતાવરણમાં પણ દિલ્હીની સીમાડે હજારો કહેવાતા ખેડૂતો પ્લાસ્ટિકના તંબુમાં વસવાટ કરી રહ્યા હતા. હવામાન ખાતાએ સ્પષ્ટ શબ્દોમાં એવી આગાહી કરી હતી કે હાલ છે એના કરતાં પણ વધુ ઠંડી પડશે. તાપમાન ઘણું નીચું થઇ જવાથી ઠંડીમાં વધારો થયો હતો અને તાપણા કરનારા લોકો પણ ધ્રૂજી રહ્યા હતા. સડક પર પડ્યા રહેતા લોકો તો રીતસર ઠૂંઠવાઇ રહ્યા હતા.

કેટલીક ટ્રેન રદ્દ કરવી પડે એવી પરિસ્થિતિ હતી. એજ રીતે કેટલીક ફ્લાઇટ્સ પણ રદ્દ કરવાની ફરજ પડી હતી. ઉત્તર ભારતમાં પણ કાતિલ ઠંડી અને ધૂમ્મસના કારણે રોજબરોજના જનજીવનને પ્રતિકૂળ અસર થઇ હતી. આવી પરિસ્થિતિ હજુ થોડા દિવસ રહેશે એમ હવામાન ખાતાએ કહ્યું હતું. દિલ્હી અને એની આસપાસના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ કાતિલ ઠંડી અને ધૂમ્મસ જોવા મળશે એવો વર્તારો હવામાન ખાતાએ કર્યો હતો.જો કે દિલ્હીમાં એક તરફ પ્રતિકૂળ હવામાન વચ્ચે હવામાં પ્રદૂષણ પણ ખૂબ હતું. એર ક્વોલિટી ઈન્ડેક્સ ભયનજક આંક વટાવીને ૪૯૨ પર પહોંચ્યો હતો એમ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જણાવ્યું હતું. એનો અર્થ એ પણ થતો હતો કે લોકો શ્વાસમાં ઝેર લઇ રહ્યા હતા.

---

**અમેરિકાના સૌથી મોટા ખેડૂત બની ગયા**

## વિશ્વના ચોથા સૌથી ધનિક ગેટ્સે અમેરિકાનાં ૧૮ રાજ્યોમાં ખરીદી ૨.૪૨ લાખ એકર જમીન



વોશિંગ્ટન,તા.૧૬

માઈક્રોસોફ્ટના સંસ્થાપક અને વિશ્વના ચોથા સૌથી ધનવાન વ્યક્તિ બિલ ગેટ્સે અમેરિકામાં મોટા પાયા પર ખેતીની જમીન ખરીદી છે. ડેલી મેલના રિપોર્ટ્સ પ્રમાણે હવે બિલ ગેટ્સ અમેરિકાના ૧૮ રાજ્યોમાં કુલ ૨ લાખ ૪૨ હજાર એકર ખેતીની જમીનના માલિક થઈ ગયા છે. આટલી વધુ જમીન ખરીદ્યા બાદ બિલ ગેટ્સ અમેરિકામાં ખેતીવાળી જમીનના સૌથી મોટા માલિક (ખાનગી ઓનર) થઈ ગયા છે. પરંતુ બિલ ગેટ્સે માત્ર ખેતી યોગ્ય જમીનમાં રોકાણ કર્યું નથી. પરંતુ તમામ પ્રકારની કુલ ૨,૬૮,૯૮૪ એકર જમીનના તેઓ માલિક બની ચુક્યા છે. આ જમીન અમેરિકાના ૧૯ રાજ્યોમાં સ્થિત છે. તેમાં એરિઝોના સ્થિત જમીન પણ સામેલ છે જેના પર સ્માર્ટ સિટી વસાવવાની યોજના છે. ૬૫ વર્ષના બિલ ગેટ્સે અમેરિકાના લુસિયાનામાં ૬૯ હજાર એકર, અર્કસસમાં આશરે ૪૮ હજાર એકર, એરિઝોનામાં ૨૫ હજાર ખેતી યોગ્ય જમીન ખરીદી છે. અત્યાર સુધી તે સ્પષ્ટ થઈ શક્યું નથી કે બિલ ગેટ્સે કેમ ખેતી માટે વધુ જમીન ખરીદી છે. આ જમીન સાથે જોડાયેલી જાણકારી જાહેર કરવામાં આવી નથી.બિલ ગેટ્સે આ જમીન સીધી રીતે, સાથે પર્સનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ટિટી કાસ્કેડ ઈન્વેસમેન્ટ દ્વારા ખરીદી છે. રિપોટ્ર્સ પ્રમાણે બિલ ગેટ્સે ૨૦૧૮માં પોતાના ગૃહ રાજ્ય વોશિંગટનમાં ૧૬ હજાર એકર જમીન ખરીદી હતી. તેમાં હોર્સ હૈવેન હિલ્સ ક્ષેત્રની ૧૪,૫૦૦ એકર જમીન પણ સામેલ છે, જે તેમણે ૧૨૫૧ કરોડ રૂપિયામાં ખરીદી હતી. આ તે વર્ષે અમેરિકામાં સૌથી ઊંચા ભાવે ખરીદવામાં આવેલી જમીન હતી. કાસ્કેટ ઈન્વેસ્ટમેન્ટે જમીન ખરીદી પર વધુ જાણકારી આપી નથી, પરંતુ એટલું કહ્યું કે કંપની સસ્ટેનેબલ ફાર્મિંગને ખુબ મદદ કરે છે.

## તંત્રી લેખ

# રહાણે,રાહુલ,જાડેજા,અશ્વિન,શમી સહિતના ક્રિકેટરોને કોહલી જેટલો પગાર મળશે..!!!

ભારતીય ક્રિકેટ બોર્ડ દર વર્ષે પોતાના ખેલાડીઓ માટે વાર્ષિક કરાર સૂચી જાહેર કરે છે. તેમાં અલગ-અલગ ખેલાડીઓને તેમના પ્રદર્શનના આધારે અલગ-અલગ વર્ગોમાં વેંચવામાં આવે છે. બધા વર્ગોનો એક પગાર મર્યાદા હોય છે. જે અનુસાર, ખેલાડીઓને બીસીસીઆઇ તરફથી પગાર આપવામાં આવે છે. આ લીસ્ટમાં ગ્રેડ એ+ સૌથી સારો માનવામાં આવે છે. જેમાં રહેનાર ખેલાડીને વાર્ષિક ૭ કરોડ રૂપિયા મળે છે. એવી જ રીતે એ,બી અને સી ગૃપ પણ છે જેમાં પોતાનો મર્યાદિત પગાર છે.

હાલ એ+ ગ્રેડ પર ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી , રોહિત શર્મા અને જસપ્રિત બુમરાહનું નામ શામેલ છે. જેમને દર વર્ષે બીસીસીઆઇ તરફથી ૭ કરોડ રૂપિયાનો પગાર મળે છે. પરંતુ આ વખતે વિશેષ રીતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં જે રીતે અમૂક ખેલાડીઓએ પ્રદર્શન કર્યું છે. તે બાદ એવી આશા છે કે ઘણા ખેલાડીઓને શીર્ષ ગ્રેડમાં સ્થાન મળશે.

**કે.એલ.રાહુલ**

ટીમ ઈન્ડિયાના ડાબોડી ખેલાડી કે.એલ. રાહુલે ગત એક વર્ષમાં દમદાર પ્રદર્શન કર્યું. તેમને ટીમની જરૂરત હિસાબે અલગ-અલગ બેટિંગ ક્રમમાં બેટિંગ કરવાની સાથે વિકેટકીપિંગની જવાબદારી પણ સંભાળી. રાહુલે બોલિંગ કરી અનેક શાનદાર મેચ જીતાવનાર ઈનિંગ રમી છે. જે બાદ તે ટીમમા પસંદગીના ખેલાડીઓમાં સામેલ થયા. એવામાં એ ગ્રેડથી કાઢી એ+ ગ્રેડમાં મોકલી શકાય છે.

**રવિન્દ્ર જાડેજા**

સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ટીમ ઈન્ડિયાનો મહત્વ પૂર્ણ ભાગ બની ચૂક્યા છે. તેમણે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સારું પ્રદર્શન કર્યું છે. બેટિંગ, બોલિંગ અને ફિલ્ડીંગ આ ત્રણેયમાં તેમણે મહત્વનું યોગદાન આપ્યું છે. તાજેત્તરમાં જ તેમણે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં સારું પ્રદર્શન કર્યું.

**અજિંક્ય રહાણે**

વિરાટ કોહલીની ગેરહાજરીમાં ઓસ્ટ્રેલિયામાં ટીમની કમાન સંભાળી રહેલ અજિંક્ય રહાણેએ ટેસ્ટ સિરિઝમાં સારું પ્રદર્શન કરી બધાનું દીલ જીતી લીધું. તેમણે મેલબર્નમાં શતકીય ઈનિંગ સાથે ટીમને જીત અપાવવામાં પણ સફળતા મળી. ટેસ્ટ ટીમના ઉપ-કેપ્ટન અને પ્રમુખ ખેલાડીઓમાંથી એક રહાણેને જો એ+ ગ્રેડમાં સામેલ કરવામાં આવે તો આશ્ચર્યની વાત નથી.

**મોહમ્મદ શમી**

ભુવનેશ્વર કુમારની ગેરહાજરીમાં મોહમ્મદ શમીએ જે રીતે ટીમ ઈન્ડિયામાં બોલરની ધાર આપી એનાથી હર કોઈ પ્રભાવિત થયા છે. શમીએ ગત વર્ષોમાં વર્લ્ડ કપથી લઈ અલગ-અલગ શ્રૃંખલાઓમાં ત્રણેય ફોર્મેટમાં જબરદસ્ત બોલિંગ કરી. તેઓ હવે ટીમના પ્રમુખ બોલર હોવાની સાથે મહત્વનો ભાગ બની ગયા છે. શમી હાલ એ ગ્રેડમાં સામેલ છે. પરંતુ નવા કોન્ટ્રાક્ટમાં તેમનું પ્રમોશન થવાની આશા છે.

**હાર્દિક પંડ્યા**


ઈજાને કારણે લાંબા સમય સુધી ક્રિકેટથી દૂર રહેનાર હાર્દિક પંડ્યાને ગત કોન્ટ્રાક્ટમાં બી ગ્રેડ પર રાખવામાં આવ્યા હતા. તે સમયે તે વધુ મેચ રમી ન શક્યા. જેના કારણે તેમનો પગાર ઓછો થી ગયો હતો. પરંતુ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં જે રીતે તેમણે પ્રદર્શન કર્યું અને ટી-૨૦ સીરિઝમાં મેન ઓફ ધ સીરિઝ રહ્યા તે બાદ તેમનું પ્રમોશન થવું લગભગ નક્કી છે.

રવિચંદ્રન અશ્વિન

ટેસ્ટ ક્રિકેટમાં ટીમ ઈન્ડિયાના સ્પિન બોલરનું નેતૃત્વ કરનાર રવિચંદ્રન અશ્વિન હાલ ગ્રેડ એ માં છે. પરંતુ જે રીતે તેમણે લાંબા સમય બાદ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં વાપસી કરી અને શાનદાર બોલિંગ દ્વારા પ્રભાવિત કર્યા તે જોઈને તેમના પદમાં પણ ઉન્નતિ થવાના આસાર છે. અશ્વિને સિડની ટેસ્ટમાં બોલિંગની સાથે બેટિંગથી પણ બધાનું દિલ જીતી લીધું.

## સદાબહાર સૂર - 3

### અવિનાશ વ્યાસ




આજે બસ સાવ અમસ્તી જ બેઠી હતી અને કેલેન્ડ તરફ નજર ગઈ. જોત જોતામાં તો એક આખું વર્ષ બદલાઈ ગયું. કેલેન્ડરનાપાના પર ૨૦૨૧નું વર્ષ હવેના પછીના દિવસોમાં એની હાજરી પુરાવતું રહેશે. ભલેને તારીખ બદલાય, મહિનો બદલાય પણ આ ૨૦૨૧નું વર્ષ તો આપણી નજર સમક્ષ એક આખા વર્ષ સુધી ઝળક્યા જ કરવાનું.

એની સાથે મનમાં વિચાર આવ્યો કે કેટલાય વર્ષો આમ ને આમ વહી ગયા અને વહી જશે પણ એની સાથે સાથે કેટલાય એવા કવિ, ગીતકાર અને સંગીતકાર છે જેમની રચનાઓ આવા વર્ષો જ નહીં દાયકાઓવિત્યા તેમ છતાં આજે પણ ક્યારેક કોઈ એવી ઘટના બને કે જીવનનો કોઈ પ્રસંગ હોય ત્યારે ય આપણા મનમાં, ચિત્તમાં સાવ અનાયાસે ઝળકી જાય છે, રણકી જાય છે. મારે તો ઘણીવાર એવું બન્યું છે.

અવિનાશ વ્યાસ એક એવું ગૌરવવંતુ નામ છે જેમણે ગુજરાતને ગાતું કર્યું. એમણે અગણિત ભજન, ગીત, ગરબા, રાસ લખ્યા. એક નહીં અનેક પ્રસંગોનેઆવરી લેતી એમની કૌટુંબિક, સામાજિક, પ્રાસંગિક રચનાઓમાં સૂર અને સરળતા હતી અને એટલે જ એ દરેક ઉંમરના લોકોએ ઝીલી લીધી અને હોંશેહોંશે ગાઈ. ગીતકાર હોવાના લીધે એમની પાસે શબ્દોની સમૃદ્ધિ હતી. શબ્દોની સાથે પ્રાસ એ જ એમના ગીતોનેસફળતાનીબુલંદીએ લઈ ગયા.

યાદ છે ને પેલો ગરબો?

“હે રંગલો જામ્યોકાલંદરીને ઘાટ, છોગાળા તારા, છબીલા તારા રંગભેરુજુવે તારી વાટપ”

સૌ પ્રથમ ૧૯૭૬માં રજૂ થયેલી ‘ સોનબાઈનીચૂંદડી’મા એ ગરબા સ્વરૂપે ગવાયું અને એની હલક છેક ૨૦૧૮ માં બોલીવુડની ફિલ્મ સુધી ગૂંજી. પ.યાદ છે ને ૧૯૭૯માં આવેલી ફિલ્મ ‘સુહાગ’નો એ ગરબો..” મા શેરોવાલી, ઊંચે ડેરોવાલી “પ. અ ા જ ન ા મહાનાયકઅમિતાભબચ્ચન અને રેખાને પણ આ ધૂન પર ગરબેઘૂમતા આપણે જોયા. જો કે એમાં શબ્દરચના અલગ હતી પણ સૂર-તાલ-ધૂન તો એ જ કાલંદરીના ઘાટે રમતારંગલાની જ તો.

આ ગરબો જેટલી વાર સાંભળું અને મનમાં એક આખે આખું ગોકળીયું ગામ મનમાં તાદ્રશ્ય થઈ જાય છે. તમે પણ જરા આંખ બંધ કરીને કલ્પના કરી જુવો.

રઢિયાળી રાત હોય અને કાલંદરીના ઘાટે ગામની ગોપીઓ ઘેલી થઈને એકદમ છેલછબીલાકાનુડાહાટુ વાટ નિરખતીઅધીરી થઈ છે. એના રંગભેરુ ય તાલે તાલ મેળવવા ઉતાવળા થયા છે એનું શબ્દચિત્ર આખેઆખું જ નહીં આબેહૂબ અવિનાશ વ્યાસે રજૂ કર્યું છે એટલું જ નહી એમાં સંગીત થકી જે પ્રાણ પુર્યો છે એ સાંભળીને તો કોઈના ય પગ ગતિ ન પકડે તો નવાઈ અને સાચું કહું તો અહીંઅમેરિકાના ગુજરાતી સિનિયર સિટિઝન ડેકેરમાં ૭૦/૭૫ વર્ષના વડીલોને ય મેં તો જાણે એમનો છોગાળો, એમનો છબીલો સાથે હોય એમ તાલે ઘૂમતા જોયા છે ને મન પ્રસન્ન થઈ ઉઠ્યું હતું. આ જ તો છે અવિનાશ વ્યાસના ગીત સંગીતનો જાદુપ

વળી ગુજરાત, ગુજરાતી અને ગરબા તો જાણે એકમેકના પૂરક. ગુજરાતી હોય ત્યાં ગરબો ન ગવાય તો જ નવાઈ. જો કે આ ગરબો તો ગુજરાતની શેરીમાંથીવિસ્તરીને દેશ-વિદેશ સુધી ગાજ્યો અને એને ગજવવામાં એક આપણા પ્રિય અવિનાશ વ્યાસનું નામ તો મોખરે આવે હોં કે..

એટલે અમદાવાદની શેરી હોય કે વિદેશના પબ્લિક પ્લેસના પટાંગણ હોય ગરબાની મોસમ શરૂ થાય અને

‘હે રંગલો જામ્યોકાલંદરીના ઘાટ છોગાળા તારા

હો રે છબીલા તારા રંગભેરુજુવે તારી વાટ પરંગલોપ.”

તો ગાજે જ.

એના વગર તો નવરાત્રી જ જાણે ફીક્કી બની જાય અને આ ગરબાનો ઉપાડ થાય તો એકપણ રંગભેરુરાસેરમવા ન ઉતરે એવું બને જ નહી નેપ. આવો તો જાદુ છે આ ગરબાના શબ્દોમાં, એના સંગીતમાં.

‘ હે હાલ્યહાલ્યહાલ્ય’ની હાકલ પડે અને જો વાતોમાં રાત વહી જાય તો પરભાત માથે પડવાની વેળા આવીને ઉભી રહે એના કરતાં જે ક્ષણો મળી છે એને માણી લેવાની ત્વરા અને તત્પરતા જે દરેક ખેલૈયાનાઉમળકામાં મેં જોઈ છે એ તો આજે પણ એવી જ અકબંધ છે જેવી કાનાનારંગભેરુમાં હતી.

ભલેને પછી આ ગરબો પુરુષોત્તમ ઉપાધ્યાનાઘેઘુર અવાજમાં ગવાય કે ફાલ્ગુની પાઠકના તોફાની અવાજમાં, શ્યામલ સૌમિલ-આરતી મુનશી કે પાર્થિવ ગોહિલનાસૂરીલા સ્વરે ગવાય પણ એ સમયે તો અવિનાશ વ્યાસના શબ્દો અને સંગીત રચનાનો જે લહેકો છે ને એમાં જ સાંભળનાર પણ તાનમાં આવી જાય.

‘ હેપપરંગરસીયા, તારો રાસડો માંડીને, ગામને છેવાડે બેઠા,

કાના તારી ગોપલીએ તારે હાટુ તો કામ બધા મેલ્યા હેઠે

તને બરકે તારી જશોદા માત

છોગાળા તારા, છબીલા તારા હોરેરંગીલા તારા રંગભેરુજુવે તારી વાટ’

જાણે ગોકુળીયા ગામના છેવાડે સૌ એકઠા મળ્યા છે અને જે અધીરાઈથી કાનાની વાટ નિરખે એ આખેઆખાગોકળીયા ગામની પાદર આપણામાં આવીને વસે અને પછી તો છોગાળો છેલ પહોંચ્યો છે અને જે રમઝટ બોલાવી હશે એ રમઝટ જ શબ્દોમાં આબાદ પડઘાઈ છે.

હે હાલ્યહાલ્યહાલ્યની હાકલ પડે ને ત્યારે તો આપણને પણ એ ગામના ગોંદરે પહોંચી જવાનું તાન ચઢે. આ ગાન, આ તાન જ તો અવિનાશ વ્યાસના શબ્દોની કમાલ છે.

આ કમાલનો જાદુ તો ક્યારનો આપણા પર છવાયો છે અને છવાયેલો રહેશે.

Rajul Kaushik
http://www.rajul54.wordpress.com




# વડાપ્રધાન મોદી આજે કેવડિયા માટે ૮ નવી ટ્રેનોને લીલી ઝંડી દેખાડશે

અમદાવાદ,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૭મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧ કલાકે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા માટે ૮ નવી ટ્રેનોને લીલી ઝંડી દેખાડશે. આ ટ્રેનો વારાણસી, દાદર, દિલ્હી, અમદાવાદ, રીવા અને ચેન્નઈ સ્ટેશનોથી રવાના થશે. અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી ટ્રેનમાં એક વિસ્ટાડોમ કોચ પણ હશે. તેને વિશેષ રૂપથી પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ટ્રેનની યાત્રાને સુંદર અને યાદગાર બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. કોવિડ બાદ આ પ્રથમ તક હશે જ્યારે કોઈ પેસેન્જર ટ્રેનને લોન્ચ કરવામાં આવશે.




આ એક્સપ્રેસ ટ્રેન સેવા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવશે. અધિકારીઓએ કહ્યું કે, નિયમિત રેલ સેવાથી પર્યટન સ્થળ પર વધુ પ્રવાસીઓ આવશે.રેલ મંત્રાલયે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાસે કેવડિયા રેલવે સ્ટેશન બનાવ્યું છે, જેનું ઉદ્ધાટન પણ રવિવારે પીએમ મોદી કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત પહેલાં મહત્વના ત્રણ પ્રોજેક્ટનું ત્રણ અલગ અલગ કાર્યક્રમો યોજીને વીડિયો કોન્ફરન્સથી લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. આ સાથે વડોદરાથી કેવડિયા વચ્ચે ટ્રેન શરૂ કરાશે. દેશના વિવિધ સ્થળોએથી કેવડિયા પહોંચવા ૮ જેટલી ટ્રેનોને પણ લીલી ઝંડી અપાશે.૧૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી મોટેરાથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું તેમજ સુરત મેટ્રોરેલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વીડિયો કોન્ફરન્સથી કરશે. ૨૦મી જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી ગુજરાત સરકારના ડિજીટલ સેવાસેતુ કાર્યક્રમના બીજા તબક્કાનું લોંચિંગ કરશે. રાજ્યના ૮ હજાર ગામડામાં ૫૦ જેટલી ઓનલાઇન સેવાનો પ્રારંભ કરાશે. ગ્રામ્ય વિસ્તારોને ઇ-સેવા સાથે જોડવામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.

વડાપ્રધાન દ્વારા ઈ-પ્રસ્થાન કરાવવામાં આવનારી ૮ ટ્રેનોની વિગતો આ મુજબ છે

૧. ટ્રેન નં- ૦૯૧૦૩/૦૪- કેવડિયા થી વારાણસી- મહામના એક્સપ્રેસ (સાપ્તાહિક)

૨. ટ્રેન નં- ૦૨૯૨૭/૨૮- દાદર થી કેવડિયા – દાદર- કેવડિયા એક્સપ્રેસ (દૈનિક)

૩. ટ્રેન નં- ૦૯૨૪૭/૪૮- અમદાવાદ થી કેવડિયા – જનશતાબ્દી એક્સપ્રેસ (દૈનિક)

૪. ટ્રેન નં- ૦૯૧૪૫/૪૬- કેવડિયા થી હઝરત નિઝામુદ્દીન- નિઝામુદ્દીન- કેવડિયા સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ (દ્વિ-સાપ્તાહિક).

૫. ટ્રેન નં- ૦૯૧૦૫/૦૬- કેવડિયા થી રીવા- કેવડિયા-રીવા એક્સપ્રેસ (સાપ્તાહિક)

૬. ટ્રેન નં- ૦૯૧૧૯/૨૦- ચેન્નઈ થી કેવડિયા- ચેન્નઈ-કેવડિયા એક્સપ્રેસ (સાપ્તાહિક)

૭. ટ્રેન નં- ૦૯૧૦૭/૦૮- પ્રતાપનગર થી કેવડિયા- મેમૂ ટ્રેન (દૈનિક)

૮. ટ્રેન નં- ૦૯૧૦૯/૧૦- કેવડિયા થી પ્રતાપનગર- મેમૂ ટ્રેન (દૈનિક)

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે પદવીદાન સમારંભ ખુલ્લો મુકાશે**


# મહાત્મા મંદિર ખાતે ૧૮ જાન્યુ.એ યોજાશે જીટીયુનો ૧૦મો પદવીદાન સમારંભ

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીનો ૧૦મો પદવીદાન સમારંભ તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમની શરૂઆતમાં એનસીસી કેડર દ્વારા રાજ્યપાલને ગાર્ડ ઑફ ઓનર આપવામાં આવશે. કુલસચિવ ડૉ. કે. એન. ખેર દ્વારા મંચસ્થ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ૧૦માં પદવીદાન સમારંભને ખુલ્લો મૂકવામાં આવશે. કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ દ્વારા જીટીયુનો વાર્ષિક અહેવાલ પણ રજૂ કરવામાં આવશે. રાજસ્થાન કેન્દ્રીય વિશ્વવિદ્યાલય અને એનઆઈઆઈટીના કુલાધિપતિ પદ્મવિભૂષણ ડૉ. ક્રિષ્નાસ્વામી કસ્તુરીરંગન દિક્ષાંત પ્રવચન આપશે. જીટીયુના ૧૦માં પદવીદાન સમારંભમાં જુદા-જુદા કોર્સના અંદાજે ૧,૦૬, ૫૧૧ જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. જેમાંથી ૧૩૨ વિદ્યાર્થીઓને ગૉલ્ડ મેડલ તથા ૫૧ વિદ્યાર્થીઓને પી.એચ.ડીની ડિગ્રી એનાયત કરવામાં આવશે. જીટીયુની પરંપરા મુજબ નવીન સાહસને પ્રોત્સાહન આપવા બાબતે શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ કર્તાને પણ આ વર્ષે ગૉલ્ડ મેડલ આપીને સન્માનવામાં આવશે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઓનલાઈન અને ઓફલાઈન બન્ને રીતે પદવીદાન સમારંભ યોજવામાં આવશે. જેમાં પી.એચડી અને ગોલ્ડ મેડલ મેળવનારા વિદ્યાર્થીઓને રૂબરૂમાં ડિગ્રી એનાયત કરવામાં આવશે.જ્યારે અન્ય વિદ્યાર્થીઓનેસોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા પદવી એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અતિથિ વિશેષ તરીકે અને રાજસ્થાન કેન્દ્રીય વિશ્વવિદ્યાલય અને એનઆઈઆઈટીના કુલાધિપતિ પદ્મવિભૂષણ ડૉ. ક્રિષ્નાસ્વામી કસ્તુરીરંગન , મુખ્ય અતિથિ પદે અને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિહ ચૂડાસમા, રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે , ટેક્નિકલ શિક્ષણના મુખ્ય સચિવ અંજુ શર્મા તથા જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને કુલસચિવ ડૉ. કે. એન. ખેર હાજર રહેશે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૩૫)

**વર્ષા જાની**



*તમારું ખરાબ કરનારને સજા કરવી છે? તો હજી તેનું ભલું કરો. કેમકે જે વ્યક્તિ તમારું કાંઈપણ બૂરું કરતી હોય તેની સામે તમે એનાં જેવા દુર્જન બની બદલો લેવાની ભાવના રાખશો તો વેરનો કોઈ અંત જ નહી આવે.*

*શમે ના વેર વેરથી, શમે ના પાપ પાપથી...*

*વેરનું વેર વધતું જ જશે અને પછી એટલી હદે વધી જશે કે એકબીજાની સામે અનાયાસે પણ આવી જશો તો જાણે "મારી નાંખું! કે "કાપી નાંખું " શું કરી નાંખું " એવો ભાવ મનમાં વ્યક્ત થશે. કેમકે એ કે તમે ગમે ત્યાં એકબીજા માટે ખરાબ જ બોલવાના! કે પોતાના વિરોધી વ્યક્તિ નું કઈ રીતે ખરાબ કરવું કે કરાવવું.એવું ઈચ્છનારા લોકો બીજાના નુકસાન પર રાજી થતાં હોય છે. એ આ સમાજના લોકોની માનસિકતા છે.*

*જ્યારે તમે વ્યક્તિ સાથે બોલવાનું બંધ કરી દો, ને, એટલે એ તમારાં વિરુદ્ધ બોલવાનું શરુ કરે! આ જગતનો સનાતન નિયમ છે. માટે જ જે વ્યક્તિ તમારી સાથે બોલતી નથી. તેનું હંમેશા ભલું કરો. સારું કરો.*

*સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી.અને ધર્મપરિવર્તન કરનારા વ્યક્તિઓનું શુદ્ધિકરણ કરી હિન્દુ ધર્મમાં પાછા લાવવાનું કામ કરતા. આનાથી એ સમયમાં કહેવાતા પંડિતો સ્વામીજીની વિરુદ્ધ માં હતાં. બધાને સ્વામીજી પર ખૂબ ગુસ્સો આવતો. સ્વામીજીના ઘર પાસે રહેતો એક બ્રાહ્મણ સ્વામીજીના ઘરનાં ઉંબરામાં દરરોજ કુડો કચરો નાંખી જતો, એ પોતાની ખીજ આ રીતે સ્વામીજી પર ઉતારતો. સ્વામીજી દરરોજ પેલાએ નાખેલો કચરો શાંતિથી સાફ કરી લેતા. પણ સ્વામીજીના શિષ્યોને પેલા બ્રાહ્મણ માટે ભારોભાર ગુસ્સો રહેતો. એક દિવસ સ્વામીજીના ઘરે ઘણી બધી મીઠાઈના ટોપલા આવ્યા, ત્યારે એમણે એ પોતાના શિષ્યોની સાથે સાથે એ વિરોધી બ્રાહ્મણને ઘરે પણ મીઠાઈના ટોપલા અચૂક મોકલવા લાગ્યાં. સ્વામીજીના આવા વર્તનથી પેલા બ્રાહ્મણને ક્ષોભ થવા લાગ્યો. એનું હૃદય પરિવર્તન થઈ ગયું. એણે સ્વામીજીની માફી માંગી અને એનાં પગમાં પડી ગયો. પછીથી એ સ્વામીજીનો શિષ્ય બની ગયો.*

*ટૂંકમાં જે લોકો તમારો વિરોધ કરતાં હોય, એને પોતાના પ્રેમથી વશ કરવા જોઈએ. ગાંધીજી કહેતા, " ન બોલે એને બોલાવજો, ન આવે એને ઘેર જજો, આ બધું જગતને સારુ નહીં, પણ તમારે સારુ (માટે ) છે. જગત લેણદાર છે, તમે એના કરજદાર છો. "*

*કેટલી સરસ સમજ! કેટલો સરસ ઉમદા વિચાર!*

*આવા ઉમદા વિચારો ધરાવનાર આજના યુગમાં ઓછા જોવા મળે છે. દીવો લઈને ગોતવા જઈએ તો પણ જૂજ વ્યક્તિ જ નજરે ચડે!*

*આજીવન બીજાના વિરોધ સાથે જીવનારો ક્યારેય સુખી થઈ શકતો નથી. મનમાં ભરી ભરી ને જીવે. એણે મને કેવું આમ કહી દીધેલું, તેમ કહીને મારું અપમાન કરેલું!વગેરે વગેરે...અરે ભાઈ, તું કોણ મોટો એવો સાહેબાન? કે તને કોઈનું વર્તન અપમાન જનક લાગે! તેં કેવું વર્તન રાખ્યું છે, બીજાઓ સાથે! એનું તળ તો જરા તપાસી લે ભાઈ!પછી બીજા લોકોની સરખામણી કર, તારું આખું ય મન જેનાં ને તેના માટે ભારો ભાર ઝેરથી ભરેલું છે! એકવાર એને તું પ્રેમથી વશ તો કરી જો, પ્રેમથી વર્તન કરવામાં આવે તો ગમેતેવું ખૂંખાર અબુધ પ્રાણી પણ વશ થઈ જાય છે. તો પછી મનુષ્ય તો મહા બુદ્ધિશાળી પ્રાણી છે. એને પ્રેમથી વશ થાતાં કેટલીવાર?*

*પોતાને ન ગમતો વ્યવહાર બીજા સાથે ન કરવો.કોઈપણ બૂરો વ્યવહાર કરતાં પહેલાં એ વ્યક્તિની જગ્યાએ જો પોતાની જાતને મૂકીને એકવાર પણ ચકાસવાનું વિચારનારો વ્યક્તિ તરત જ એ વ્યવહાર કરતાં ચોક્કસ ખીચકાશે. બીજા સામે જીદ કે લુચ્ચાઈથી વ્યવહાર કરવાને બદલે જીવનમાં સરળતા અપનાનાર મહાસુખ પામે છે.*

*મનમાં ભરીને નહીં, પણ મન ભરીને જીવો.*

*વર્ષા જાની*
*ભાવનગર*
*જાન્યુઆરી ૨૦૨૧*

# રાજ્યમાં ૨૧ જાન્યુ.ની આસપાસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાય તેવી સંભાવના

**પહેલાં તબક્કામાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર- એમ ૬ મહાનગરપાલિકાઓ**

**બીજા તબક્કામાં ૮૧ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો માટે ચૂંટણીઓ થશે**

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં કોરોના કાળ દરમિયાન વિધાનસભાની ૮ બેઠકોની ચૂંટણી યોજાઈ હતી. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંક્રમણને કારણે પાછી ઠેલવામાં આવી હતી. હવે સ્થાનિક ચૂંટણીઓની જાહેરાત આગામી ૨૧ જાન્યુઆરીની આસપાસ થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ ચૂંટણીઓ ગત ટર્મની જેમ બે તબક્કામાં યોજાઈ શકે છે. પહેલાં તબક્કામાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર- એમ ૬ મહાનગરપાલિકાઓ અને બીજા તબક્કામાં ૮૧ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો માટે ચૂંટણીઓ થશે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ફેબ્રુઆરીના અંત પહેલાં પૂરી થાય તે માટે તૈયારીઓ શરુ થઈ હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં વહીવટદારના મૂકી શકાય કે ટર્મ વધારો ના કરી શકાય તો શું કરવું તે બાબતે રાજ્ય સરકારે ગત નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટનું માર્ગદર્શન માગેલું ત્યારે એ હુકમમાં ત્રણ માસ ચૂંટણીઓ મુલતવી રાખવા અને ત્યાં સુધી વહીવટી વડાને વહીવટ કરવાની મંજૂરી આપવા સાથે સર્વોચ્ચ અદાલતે ફેબ્રુઆરીના અંત પહેલા બધી જ પ્રક્રિયા પૂર્ણ કરવાનો સ્પષ્ટ આદેશ આપેલો જ છે. આ સંજોગોમાં ૨૧થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન બંને તબક્કામાં મતદાન યોજાવાની શક્યતા છે. રાજ્ય ચૂંટણી પંચ આ વખતે કોઈપણ વોર્ડ બેઠક માટે ઓનલાઇન વોટિંગનો વિકલ્પ આપવાનું નથી, પરંતુ ઉમેદવારોને કોરોના મહામારીની સ્થિતિમાં ઓનલાઇન ફોર્મ ભરવાની છૂટ અપાશે. અગાઉ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ફેબ્રુઆરીમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે મહાનગરપાલિકાઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈલેક્શન કમિશનર દ્વારા ઈલેક્શન સ્ટાફને ટ્રેનિંગ પૂરી પાડવામાં આવી હતી. આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સુધીર કે. પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની શક્યતા છે, ત્યારે તૈયારીના ભાગરૂપે આ મિટીંગ યોજવામાં આવી હતી. મતદાર યાદી અને તેના ભાગો કેવી રીતે તૈયાર કરવા તેની ચર્ચા વિચારણા કર્યાં બાદ યાદી જાહેર જનતા તથા રાજકીય પક્ષોને માટે પ્રસિદ્ધ કરાશે. અને તેઓની રજૂઆત બાદ યાદીમાં સુધારો વધારો હાથ ધરાશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001